ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૭ એપ્રિલ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## સરદાર વલ્લભભાઈએ સિંગલાવના ગુલાબ રાજાના દ્રષ્ટાંત આપીને અંગ્રેજ સરકાર સામે અડગ લડતના પાયા નાખ્યા હતા

અંગ્રેજ શાસન સામે બહારવટું કરનાર સિંગલાવના ગુલાબ રાજા અંગ્રેજ હકુમત સામે માથુ ઉંચુ રાખીને તોફાનો કરતો ટીખળી ગ્રામવાસી તરીકે સમગ્ર બોરસદ પંથકમાં જાણીતો હતો. પરંતુ તત્કાલીન કલેક્ટરના અન્યાયી અને તઘલખી પગલાંને કારણે ગુલાબ રાજાને બહારવટે ચઢવું પડયું હતું. જોકે કલેક્ટરના છટકામાં ગુલાબ રાજા ફસાયો હતો, અને પોતાની જાતને બચાવવા વકીલ સરદાર વલ્લભભાઈ પટેલની વકીલાતનો ફાયદો મેળવ્યો હતો. તત્કાલીન સમયે એક પણ અંગ્રેજ અમલદાર કે મેજિસ્ટ્રેટે બોરસદની પાયમાલ અને નિર્દોષ પ્રજા સામે માનવીય નજરે જોયું નથી. તેને કંગાલિયત અને પતનમાંથી ઉગારવાનો પ્રયત્ન કર્યા નથી. ઉલટમાં જે અમલદાર આવે તે એ પ્રજાને સજા ફટકારવાના નવા-નવા અખતરા કરે, કોઈપણ રીતે સંખ્યાબંધ કેસો ઠોકીને જેલ ભરવાના મનસૂબા ઘડે,તો કોઈ એમને પોલીસ સ્ટેશને હાજરી આપવાની ફરજ પાડે. એમાં વળી એ પ્રજાને માથે ક્રિમિનલ ટ્રાઈબ્સ એક્ટ ઠોકી બેસાડયો હોય. એ કાયદો ભારે અન્યાયી હતો. જેમાં બારૈયા, પાટણવાડિયા જેવી કોમના દરેક પુખ્ત વયના સ્ત્રી-પુરુષોએ સવાર-સાંજ પોલીસ થાણે હાજરી પુરાવવી પડે. જો કોઈ સ્થળે લૂંટફાટ થાય તો આ સમાજનો જે કોઈ વ્યક્તિ હાજરી પુરાવવામાં ગેરહાજર હોય તેના માથે જામીન કેસ કરી દેવામાં આવે. આવા કેટલાંય નિર્દોષોને જામીનગીરીની ત્રેવડ ના હોવાથી લાંબો સમય જેલમાં સબડવું પડતું.




જ્યારે વલ્લભભાઈએ બોરસદમાં વકીલાત શરૂ કરી હતી ત્યારે બોરસદ તાલુકાના સિંગલાવ ગામનો ગુલાબરાજા બહારવટે ચડયો હતો. ઈ.સ.1905 પછીના વર્ષોમાં આ ગુલાબરાજા અંગ્રેજ હકુમત અને ગાયકવાડી રાજ, બંનેને હંફાવતો હતો. પરંતુ વલ્લભભાઈ પાસે કાયદાની સલાહ લેવા પણ આવતો હતો. આ વાત અંગ્રેજ અમલદારોને ખબર પડી ગઈ હતી.

તેથી સંજોગો એવા બન્યાં કે એકતરફ મન-મગજથી છટકેલ ગુલાબરાજા બહારવટીયો, બીજી તરફ અડગ મનના વકીલ વલ્લભભાઈ અને ત્રીજી તરફ જડ મનના સરકારી અમલદારો અને પોલીસમેનો, આ ત્રિકોણ વચ્ચે સંતાકૂકડી શરૂ થઈ હતી.

ગુલાબરાજાએ પોતાની જાતને બચાવવા વકીલ વલ્લભભાઈ પાસે પહોંચ્યો. બાહોશ વકીલ તરીકે પ્રખ્યાત થયેલ સરદાર વલ્લભભાઈ પટેલે આ કેસમાં તરત જ પારખી લીધું કે ગુલાબના કેસમાં કાંઈ ખાસ તથ્ય નથી, છતાં પણ તેને કલેક્ટરે ગોઠવેલા પંજામાંથી છોડાવવો પણ શક્ય નથી, અને બન્યું પણ એવુ જ. કલેક્ટર વુડે બોરસદના જજને વાત કરી, તેથી ગુલાબરાજાને નવ મહીનાની સજા પડી. આ વાતની ગંધ ગુલાબરાજાને પહેલેથી જ આવી ગયેલી, એટલે તે કોર્ટમાં હાજર થયો જ નહીં, અને ક્યાંક નાસી ગયો, અને સામાન્ય તોફાની ચોરમાંથી બહારવટિયો બની ગયો.

કલેક્ટરને એ હકીકતની ખબર પડી કે ગુલાબરાજા વારંવાર વલ્લભભાઈને ત્યાં કાયદાની સલાહ લેવા આવે છે. એટલે તેમણે પોલીસ સુપ્રિટેન્ડેન્ટને વલ્લભભાઈ પાસે મોકલ્યાં, અને કહેવડાવ્યું કે 'ગુલાબરાજા તમારી પાસે આવે છે. માટે એ જ્યારે આવે ત્યારે પોલીસને ખબર આપવી.' આ સાંભળીને વલ્લભભાઈએ તેને રોકડું જ પરખાવી દીધું કે 'ગુલાબરાજા મારી પાસે કાયદાની સલાહ લેવા વારંવાર આવે છે ખરો, પણ તે મારા પર વિશ્વાસ રાખીને આવે છે. તેનો વિશ્વાસઘાત કરવાનું હું નહીં કરું.' આ સાંભળીને પોલીસ અધિકારી તો દંગ જ થઈ ગયો, છતાં બહુ નરમ ભાવથી વલ્લભભાઈને પટાવવા માંડયો કે '...પણ વકીલ સાહેબ, તમે આટલું કામ કરો તો તમે હોંશિયાર વકીલ હોઈ પોલીસ પ્રોસિક્યુટર તરીકે નિમાઓ એવી ભલામણ હું કરીશ.' આવી લાલચ વલ્લભભાઈને અપમાનભરી લાગી, તેથી ગુસ્સે થઈને તાડૂક્યાં કે 'મારે એવાં કાળાં કૃત્યો કરી પોલીસ પ્રોસિક્યુટર થવું નથી, મોં બાળજો એવા કાળાં કૃત્ય કરનારાઓનું.' પેલો અધિકારી તો વલ્લભભાઈનો આ પુણ્યપ્રકોપ જોઈને ડઘાઈ જ ગયો, અને નીચું ઘાલીને ત્યાંથી ચાલતો થયો.

આ વાત હતી જ્યારે વલ્લભભાઈની બોરસદમાં ઈ.સ.1902થી 1909 વચ્ચેની ધિક્તી વકીલાત ચાલતી હતી. જ્યારે ગુલાબરાજા તો એ પછી બહુ ખૂંખાર બહારવટિયા તરીકે નામચીન થયેલો, અને પાછળથી ગાયકવાડી રાજમાં ઝડપાયેલો. પરંતુ અંગ્રેજોને તાબે તો થયેલો જ નહીં. વલ્લભભાઈએ બોરસદ સત્યાગ્રહના વર્ષોમાં આ ગુલાબરાજાની વાતો કહીને પ્રજામાં પોલીસના અન્યાય અને સરકારના નિર્દયી કર સામે અડગ લડતના પાયા નાંખ્યા હતા.

## દાતાઓની સખાવતથી સિંગલાવ ગામમાં પ્રવેશ દ્વાર દેવમંદિરો, સમાજવાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે



ગામમાં દાતાઓનો ખુબ જ ઉમદા સહયોગ રહ્યો છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ સહિત ગામમાં ઉપયોગી થાય તેવી સુવિધાઓ માટે સમયાંતરે દાતાઓ દ્વારા ખુબ જ ઉદારતાથી દાનની સરવાણી વહાવવામાં આવે છે.

સિંગલાવ ગામના ગ્રામજનોની સુખાકારી માટેએન આરઆઈ અને વતન પ્રેમી દાતાઓ દ્વારા લોકફાળા તરીકે ઉદાર હાથે દાન આપવામાં આવ્યું છે. દાન આપનાર દાતાઓની યાદી નોંધપાત્ર છે. આ ઉપરાંત ગામમાં મહાદેવ વાડી તેમજ પ્રવેશદ્વાર માટે પણ ગામના દાતાઓ દ્વારા દાન આપવામાં આવેલ છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે વિવિધ કાર્યક્રમો દરમિયાન ગામના દાતાઓ દ્વારા પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. તો ધાર્મિક સ્થળોના બાંધકામ તેમજ જરૂરી વ્યવસ્થા માટે પણ યથાશક્તિ દાન આપવામાં આવે છે. ગામમાં વિદેશ વસતા લોકો તરફથી પણ મહત્વનો ફાળો આપી ગામના વિકાસમાં સહભાગી બન્યા છે. જેમ કે ગામનો મુખ્ય પ્રવેશ દ્વાર, સ્મશાનનો પ્રવેશ દ્વાર, પંચાયત માટે પાણીની પાઈપલાઈન માટે રૂ. 71,000 નું દાન તથા મંદિરોના નિર્માણ માટે અમેરિકા વસતા દાતાશ્રી સ્વ. પ્રભુભાઈ અંબાલાલ પટેલ તરફથી કરવામાં આવેલ છે. તથા દિનેશભાઈ રમેશભાઈ પટેલ તરફથી પાણીની ટાંકી તથા શાળામાં બાળકોને પીવા માટે પાણીની ટાંકીનું નિર્માણ તથા મંદિરોનાં નિર્માણ માટે પણ ફાળો આપેલ છે. સાથે જ અન્ય દાતાઓ તરફથી મહાદેવ મંદિરની વાડી બનાવવા માટે પણ મુકેશભાઈ અંબાલાલ પટેલ, ઉમેશભાઈ બાબુભાઈ પટેલ તથા સકાભાઈ બાબુભાઈ પટેલ તરફથી દાન મળેલ છે. ગામમાં R.O. પ્લાન્ટ માટે Intram Foundation તરફથી દાન મળેલ છે તથા તેના રૂમની વ્યવસ્થા સરપંચ શ્રી નિરંજનભાઈ અંબાલાલ પટેલ તરફથી કરવામાં આવેલ છે.

## સિંગલાવ ટાઉન ટોક

### -: સિંગલાવ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 594 |
| કુલ વસ્તી | 2651 |
| કુલ પુરૂષો | 1410 |
| કુલ સ્ત્રીઓ | 1241 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 76.76 |
| પુરૂષ સાક્ષરતા દર | 91.04 |
| સ્ત્રી સાક્ષરતા દર | 65.19 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 265 |
| ખેત મજૂર | 473 |
| સીમાંત વર્ગ | 359 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 55 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 227 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1586 |
| ગાય | 561 |
| ભેંસ | 740 |
| અન્ય | 285 |

### -: જમીન ક્ષેત્રફળ :-

477 હેક્ટર 11 આરે 61 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 03 હેક્ટર 71 આરે 15 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 294 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 740 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 602 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 04 |
| ખેતી વિષયક જોડાણ | 50 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 370 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 818 |
| BPL કાર્ડ ધારકો | 410 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 132 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 20 |
| વિધવા સહાય | 22 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |

## પરંપરાઓને જાળવી રાખીને આધુનિકતા તરફ ડગ માંડતા ગામની વિકાસ ગાથા પ્રેરણાદાયી છે



## સુવિધાઓથી સજધજતું ગામ સિંગલાવ

બોરસદ શહેરની સરહદને અડોઅડ આવેલું સિંગલાવ ગામ માત્ર ચારેક જ કિલોમીટર દૂરના અંતર ધરાવતું અને છેલ્લા દસેક વર્ષથી ક્રમશઃ વિકસતું જતું ગામ છે. ગામના પૌરાણિક મહત્વ અંગેના સિંગલાવ ગામના સ્થાનિક લોકાના જણાવ્યા મુજબ સિંગલાવ ગામ ખુબજ પૌરાણિક ગામ છે. લોકવાયકા પ્રમાણે નળરાજા પણ અહીં આવ્યા હોય તેવુ માનવામાં આવે છે. નળરાજા અને તેમના સૈન્ય કાફલો રોકાયો હતો તે જ સ્થળે હાલ તળાવ છે. તેને નળવાળા તળાવ તરીકે ઓળખવામાં આવે છે.

આધુનિક સુવિધાઓથી સુસજ્જ અને પૌરાણિક મહત્વ ધરાવતું ગામ સીગલાવ ગામ શિક્ષણ અને સામાજિક સુવિધાઓની દ્રષ્ટિએ ખૂબ જ આગળ પડતું જણાય છે. સીગલાવ ગામ માત્ર એક વસાહત નથી, પરંતુ વિકાસ અને સંસ્કારોનો સંગમ છે. ગામમાં શૈક્ષણિક માળખું ખૂબ જ મજબૂત છે. ગામમાં 4 જેટલી આંગણવાડીઓ આવેલી છે, જે ભૂલકાઓના પાયાના શિક્ષણનું કામ કરે છે. ગામમાં પાયાની સુવિધાઓ જેમ કે પીવાનું શુદ્ધ પાણી અને વીજળી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

સીગલાવ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીંની જમીન ફળદ્રુપ હોવાથી ખેડૂતો વિવિધ પાકો લે છે. મુખ્યત્વે અહીં કપાસ, તમાકુ, ઘઉં, બાજરી અને ડાંગરનું પુષ્કળ ઉત્પાદન થાય છે. આમ, સીગલાવ એક એવું ગામ છે જે પોતાની પરંપરાઓને જાળવી રાખીને આધુનિકતા તરફ ડગ માંડી રહ્યું છે. ગામની એકતા અને વિકાસની ગાથા ખરેખર પ્રેરણાદાયી છે.

**લોકવાયકા પ્રમાણે નળરાજા અને તેમના સૈન્ય કાફલો રોકાયો હતો તેને નળવાળા તળાવ તરીકે ઓળખવામાંઆવે છે**

સિંગલાવ ગામમાં ગ્રામજનો માટે પીવાના પાણી માટે ઓવર હેડ ટાંકી છે. ગામના રસ્તા પાકા (આર. સી. સી.) છે. વિજળી ચોવીસ કલાક મળે છે. બળતણ માટે રાંધણ ગેસનો વપરાશ વધતો જાય છે.

ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક પ્રજાજનોની સુખાકારી માટે સરકારી યોજનાઓ સહયોગથી રોડ, રસ્તા, ગટર, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં સમગ્ર બોરસદ તાલુકામાં અગ્રેસર છે. ગામના રસ્તાઓ શેરી, ચોક, ફળીયાઓમાં આરસીસી, પેવર બ્લોક કરાયું છે. ગામમાં સાફ સફાઈ માટે પણ નિયમિતતા જાળવવામાં આવી રહી છે.



## ફાર્મ હાઉસ બનાવવા સિંગલાવ ગામની જમીનને મૂડી રોકાણ માટે ધનાઢય લોકો અગ્રીમતા આપે છે

બોરસદ શહેરથી ખૂબ જ નજીકના અંતરે આવેલું સિંગલાવ ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી માલેતુજાર લોકોએ મૂડી રોકાણ માટે મહત્વનું ગામ ગણીને અગ્રિમતા આપી છે. સ્થાનિક લોકોએ વિવિધ કારણોસર પોતાની કિંમતી જમીનોના સોદા કરી દીધા છે. ધનાઢય લોકો દ્વારા જમીન સોદા બાદ પોતાની અનુકૂળતા મુજબ સમયાંતરે ફાર્મ હાઉસ બનાવી દિધા હોવાની સ્થિતિ હાલના સમયમાં જોવા મળે છે. તો કેટલાક લોકોએ ખરીદેલી જમીન પર માત્ર ખેતી કરીને આર્થિક ઉપાર્જન પણ કર્યું છે. જોકે હાલમાં સિંગલાવ ગામના સીમ વિસ્તારમાં આવેલ રોડ લગોલગની જમીન પર ઠેક ઠેકાણે ફાર્મ હાઉસના બોર્ડ ચોક્કસ જોવા મળે છે. સિંગલાવ ગામમાં આકાર પામેલ ફાર્મ હાઉસની અંદાજીત સંખ્યા પચાસ કરતાં પણ વધુ છે. તેમ ગ્રામજનો દ્વારા જણાવાયું છે. આમ જોતાં સમગ્ર બોરસદ નજીકના કોઈપણ ગામમાં આટલી મોટી સંખ્યામાં ફાર્મ હાઉસની નોંધપાત્ર સંખ્યા નથી. જેથી હાલના સમયમાં બોરસદ તાલુકાનુ સિંગલાવ ગામ ફાર્મ હાઉસ બનાવવા માટે ખુબ જ અગ્રિમતા ધરાવતું ગામ ગણાઈ રહ્યું છે.